**Extra No. 205**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]     MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**-ના તારીખઃ ૮મી એપ્રિલ, ૨૦૨૫ના હુકમ ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૨/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઇ-ફાઇલ/૧૪/૨૦૨૫/૦૮૬૦/સેક્શન-જે.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**ORDER**

***Under***

**The Gujarat Panchayats Act, 1993.**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ**

**હુકમ**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૨૦૨૫.

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૧૨/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૦૮૬૦/સેક્શન-જે:** ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૦૪-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૪૪૫/પી સેક્શન, કેવી-૨૦૨૫નો ૦૫-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૪૪૫/પી સેક્શન અને કેવી-૨૦૨૫નો ૦૬-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૪૪૫/પી સેક્શન-થી, ગાંધીધામ નગરપાલિકા અને કિડાણા, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભરડી ગ્રામ પંચાયતોના વિસ્તારોને “મોટા શહેરી વિસ્તાર” તરીકે નિર્દિષ્ટ કરેલ છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તાર" હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણ પણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના ચૂંટાયેલા પ્રતિનિધિના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થતા હોવાથી, તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન તાલુકા પંચાયત, ગાંધીધામના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૧૬માંથી ઘટાડીને ૬ કરે છે અને વિદ્યમાન તાલુકા પંચાયત, અંજારના સભ્યોની સંખ્યા ૨૦માંથી ઘટાડીને ૧૮ કરે છે;

૨. જેમને સદરહુ જિલ્લા અને તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા છે તેવા તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ તાલુકા પંચાયત, ગાંધીધામ અને અંજાર-ના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

**અનુસૂચિ**

| **અનુ-ક્રમાંક** | **જિલ્લા પંચાયતનું નામ** | **તાલુકા પંચાયતનું નામ** | **તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર** | **તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | કચ્છ | ગાંધીધામ | ૧-અંતરજાળ-૧ | લખમીબેન રમેશભાઈ મ્યાત્રા |
| ૨ | કચ્છ | ગાંધીધામ | ૨-અંતરજાળ-૨ | રમીલાબેન ધર્મેન્દ્ર કારમા |
| ૩ | કચ્છ | ગાંધીધામ | ૩-અંતરજાળ-૩ | જીવતીબેન નથુરામ ભટેયા |
| ૪ | કચ્છ | ગાંધીધામ | ૪-ગળપાદર-૧ | નિર્મલાબેન માલશીભાઈ સોલંકી |
| ૫ | કચ્છ | ગાંધીધામ | ૫- ગળપાદર-૨ | અલ્પેશ જીવરામ જરૂ |
| ૬ | કચ્છ | ગાંધીધામ | ૬- ગળપાદર-૩ | ભરતસિંહ નાગુભા જાડેજા |
| ૭ | કચ્છ | ગાંધીધામ | ૯- કિડાણા-૧ | વનાભાઈ મમુભાઈ રબારી |

| અનુ-ક્રમાંક | જિલ્લા પંચાયતનું નામ | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર | તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૮ | કચ્છ | ગાંધીધામ | ૧૦- કિડાણા-૨ | હનીફ મુસા ચાવડા |
| ૯ | કચ્છ | ગાંધીધામ | ૧૧- કિડાણા-૩ | વાલબાઇ નાગશીભાઈ નોરીયા |
| ૧૦ | કચ્છ | ગાંધીધામ | ૧૬-શિણાય | નિખિલ અમૃતલાલ હડીયા |
| ૧૧ | કચ્છ | અંજાર | ૮-મેઘપર બોરીચી-૨ | પરમાભાઈ ખેતાભાઈ પટેલ |
| ૧૨ | કચ્છ | અંજાર | ૯-મેઘપર બોરીચી-૩ | જીગર હરીશભાઈ ગઢવી |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એમ. ડી. પ્રજાપતિ,**

સરકારના નાયબ સચિવ.

------------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 21:21:13 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar